

હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ.



૧૭૫ વર્ષની
ઉજવણીનો
# મહોત્સવ

શ્રી ધર્મનાથસ્વામિને નમઃ ।।

શ્રીગૌતમસ્વામિને નમઃ ।। નમો નમઃ શ્રીગુરુનેમિસૂરયે ।।

कल्पद्रुमसधर्माण-
मिष्टप्राप्तौ शरीरिणाम् ।
चतुर्धा धर्मदेष्टारं
धर्मनाथमुपास्महे ॥

भूरिभूपालसद्बोध-
दायिनं भवितायिनम् ।
नौमि श्रीनेमिसूरीशं
प्रौढसाम्राज्यशालिनम् ॥



જગ વિખ્યાત ઐતિહાસિક કલામંડિત

**શેઠ હઠીસિંહ કેસરીસિંહના**

દેવ વિમાન સમાન ભવ્ય જિનાલયનાં

**૧૭૫ વર્ષ**ની ઉજવણીરૂપે આયોજિત

પંચાહ્નિકા મહોત્સવ પ્રસંગે

શ્રીસંઘ આમંત્રણ પત્રિકા



# આમંત્રણ

સ્વસ્તિ શ્રી દેવગુરુધર્મ આરાધક શ્રાધ્ધવર્ય શ્રી................આદિ શ્રી સંઘસમસ્ત, લી.
અમદાવાદ-રાજનગરથી શેઠ હઠીસિંહ કેસરીસિંહ ટ્રસ્ટના સબહુમાન પ્રણામ

વિ.વિ. સહ સહર્ષ જણાવવાનું જે રાજનગર શહેરની **“બહારની વાડી”** તરીકે પ્રખ્યાત, અમારા પરિવારના મહાન પુણ્યપુરુષ શેઠ હઠીસિંહ કેસરીસિંહ તથા તેમનાં પ્રતાપી ધર્મપત્ની શ્રીહરકુંવર શેઠાણીએ સ્વદ્રવ્યથી નિર્માણ કરાવેલ, હઠીભાઈની વાડીના દેવવિમાનતુલ્ય, ઐતિહાસિક વારસારૂપ તથા શિલ્પ સ્થાપત્યકલાના એક અદ્‌ભુત નમૂનારૂપ જિનાલયને વિ. સંવત ૨૦૭૮ના વર્ષમાં ૧૭૫ વર્ષો પૂર્ણ થાય છે. અમારા હ.કે. પરિવારના સર્વ સભ્યોના મનમાં એક ઉલ્લાસ પ્રવર્તે છે કે આ વર્ષે જિન ભક્તિનો એક સરસ અવસર યોજવોજ જોઈએ. તે ભાવનાને અનુલક્ષીને અમારા પરિવાર-જનોને પ.પૂ. આચાર્ય શ્રીવિજયશીલચન્દ્રસૂરીશ્વરજી મ. સાથે વિચાર વિમર્શ કરતાં તેઓના માર્ગદર્શન પ્રમાણે આ રૂડો અવસર ઉજવવાનું નક્કી થયેલ છે. તો તે અવસરનાં ઉલ્લાસ અને ઉત્સવભર્યા વધામણાં અવશ્ય કરવા જ છે.



આ મહોત્સવ પ્રસંગે પધારવાની અમારી વિનંતીને સ્વીકારીને **પ.પૂ. શાસનસમ્રાટ તપાગચ્છાધિપતિ બાલબ્રહ્મચારી જગદ્‌ગુરુ ભટ્ટારક આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ**ના સમુદાયના **પ.પૂ. તેજોમૂર્તિ આચાર્ય શ્રી વિજયસૂર્યોદયસૂરીશ્વરજી મ.**ના **પટ્ટધર પ.પૂ. આચાર્ય શ્રીવિજયશીલચન્દ્રસૂરીશ્વરજી** તથા **પન્યાસ શ્રી ધર્મકીર્તિવિજયજી ગણિ** આદિઠાણા પધારશે.

તે ઉપરાંત અમદાવાદમાં બિરાજતા પ.પૂ. શાસનસમ્રાટશ્રીના સમુદાયના **પ.પૂ.આચાર્ય શ્રીવિજયઈન્દ્રસેનસૂરીશ્વરજી મ.** આદિ પરિવાર, **પ.પૂ. આચાર્ય શ્રીવિજયશ્રીચંદ્રસૂરીશ્વરજી મ.** આદિ, **પ.પૂ. આચાર્યશ્રીવિજયનંદીઘોષસૂરીશ્વરજી મ.** આદિ, **પ.પૂ. આચાર્ય શ્રીવિજયઅનંતકીર્તિસૂરીશ્વરજી મ.** આદિ પણ અમારી વિનંતીને માન આપીને આ પ્રસંગે પધારશે. તથા આ પ્રસંગે પૂ.પૂ.શાસનસમ્રાટ-સમુદાયના પૂજ્ય સાધુ ભગવંતો તથા પૂજ્ય સાધ્વીજી ભગવંતો પણ પધારશે.

ખાસ નિવેદન કરવાનું ઉચિત જણાય છે કે અમારા ટ્રસ્ટ પર તેમજ પરિવાર પર પ.પૂ. શાસનસમ્રાટ ગુરુભગવંતોનો તેમજ તેઓશ્રીના ત્યારથી અત્યાર સુધીના સમગ્ર સમુદાયના સર્વે પૂજ્ય ગુરુવર્યોનો વિશેષ ઉપકાર હંમેશા રહ્યો છે. શાસનસમ્રાટશ્રીના ઉપકારો તો અમે પેઢીઓ સુધી વિસરી નહીં શકીએ. તેથી અમારા ટ્રસ્ટ તથા પરિવાર સંબંધી કોઈ આવું મંગલ પ્રયોજન આવે ત્યારે અમારા સહુનું મન તે સમુદાયની નિશ્રા તથા માર્ગદર્શન પ્રાપ્ત કરવા માટે સવિશેષ તત્પર હોય છે.

આ પ્રસંગે પધારવાનું આપશ્રી સંઘ સમસ્તને ભાવભર્યું આમંત્રણ પાઠવીએ છીએ. આપના અત્રે પધારવાથી શાસનની શોભામાં વૃધ્ધિ થશે, તેમ અમારા હર્ષોલ્લાસમાં પણ ખૂબ અભિવૃધ્ધિ થશે. આ ઉત્સવમાં પાંચે દિવસ પ્રાચીન પૂજાઓ જ ભણાવવામાં આવનાર છે. પૂજાઓ તેના અસલ દેશી તેમજ શાસ્ત્રીય રાગો-ઢાળોમાંજ ભણાવાશે. આજના સમયમાં પૂજા અને તેના સાચા રાગ-ઢાળ લગભગ લુપ્ત થવાની અણી પર છે. ત્યારે તેનો અસલ શ્રવણ-લાભ મળવો બહુ દુર્લભ છે. આપણા એ ભવ્ય વારસાને પુનઃ જીવન્ત કરવાનો તથા જાળવવાનો અમારો એક નાનો અને નમ્ર પ્રયાસ છે. તો આ પ્રસંગ માણવા માટે અચૂક પધારજો.

લી.
**શેઠ હઠીસિંહ કેસરીસિંહ ટ્રસ્ટ તથા શ્રી હઠીભાઈની વાડી જૈન સંઘના**
**બહુમાનપૂર્વક પ્રણામ**



શેઠ હઠીસિંહ કેસરીસિંહ





શ્રીહરકુંવર શેઠાણી











સંવત ૨૦૭૮ મહાવદી ૧૧ રવિવાર તારીખ ૨૭-૨-૨૦૨૨ના રોજ હઠીભાઈ વાડી દેરાસર મૂળનાયક ભગવાન શ્રી ધર્મનાથ ભગવાનનાં ૧૭૫ વર્ષ પૂરાં થાય છે તે નિમિત્તે શાસનસમ્રાટ સમુદાયના **પ.પૂ. આચાર્ય શ્રીવિજયશીલચન્દ્રસૂરિ મ.સા.** અમદાવાદમાં ફાગણ માસમાં પધારવાના હોવાથી ફાગણ સુદ-૮ તા. ૧૦-૩-૨૦૨૨ થી ૧૪-૩-૨૦૨૨ સુધી કુલ ૫ દિવસનો મહોત્સવ કરવાનું ઠરાવ્યું છે. ગુરુવાર તા. ૧૦-૦૩-૨૦૨૨ થી ૧૪-૦૩-૨૦૨૨ સુધી આ મહોત્સવમાં દરેક દિવસે દેરાસરમાં ભગવાનને સુંદર આંગી રચવામાં આવશે તથા પ્રભાવના થશે.








શ્રી ઓશીયા માતાજી

# મહોત્સવનો મંગલ કાર્યક્રમ

**વિ. સં. ૨૦૭૮ ફાગણ સુદ ૮ ગુરૂવાર તા. ૧૦-૩-૨૨**
સવારે ૯-૦૦ કલાકે
**શ્રી પંચકલ્યાણક પૂજા ભણાવવામાં આવશે.**
લાભાર્થી - શ્રી હઠીભાઈ વાડી જૈન સંઘ

બપોરે ૪-૦૦ કલાકે
**ભવ્ય રથયાત્રા**
જિનાલયના પટાંગણમાં ધામધૂમથી યોજાશે.

**ફાગણ સુદ ૯ શુક્રવાર તા. ૧૧-૩-૨૨**
સવારે ૯-૦૦ કલાકે
**શ્રીબાર વ્રતની પૂજા – શુભવીર રચિત**
લાભાર્થી : શેઠ હઠીસિંહ કેસરીસિંહ પરિવાર

**ફાગણ સુદ ૯ શનિવાર તા. ૧૨-૩-૨૨**
સવારે ૯-૦૦ કલાકે
**શ્રી અષ્ટાપદની પૂજા – કવિ દીપવિજયજી કૃત**
લાભાર્થી : શેઠ હઠીસિંહ કેસરીસિંહ પરિવાર

**ફાગણ સુદ ૧૦ રવિવાર તા. ૧૩-૩-૨૨**
સવારે ૯-૦૦ કલાકે
**શ્રી નવ્વાણું પ્રકારની પૂજા – શુભવીર રચિત**
લાભાર્થી : શેઠ હઠીસિંહ કેસરીસિંહ પરિવાર

**ફાગણ સુદ ૧૨ સોમવાર તા. ૧૪-૩-૨૨**
સવારે ૯-૦૦ કલાકે
**શાસનસમ્રાટ શ્રી વિજયનેમિસૂરીશ્વરજીની ગુરૂગુણકીર્તનરૂપ પૂજા**
આચાર્ય શીલચંદ્રસૂરિ - રચિત
આ પૂજા ઉપાશ્રયમાં ભણાવવામાં આવશે.
**બધી પૂજાઓ શ્રી કિરીટભાઇ ઠક્કર ભણાવશે**
લાભાર્થી : શ્રીનિરુપમાબેન અરવિંદભાઈ અમૃતલાલ કાપડિયા-પરિવાર અમદાવાદ



# મહોત્સવનાં વિશેષ આયોજનો

મહોત્સવના ચારે દિવસ દરમ્યાન રાત્રે જિનાલયનાં ભવ્ય-વિશાળ ચોકમાં બાંધેલા ભવ્ય મંડપમાં વિખ્યાત સંગીતકારો દ્વારા ભાવના ભાવવામાં આવશે. આ સંગીતકારોના મધુર સ્વરે ગવાતાં જિન ભક્તિનાં તેમજ વૈરાગ્યપ્રેરક-બોધક પદો તથા ભજનો સાંભળવાનો અણમોલ લ્હાવો ચૂકવા જેવો નથી. ભાવનામાં પધારનારા સંગીતજ્ઞોનાં નામો તથા વિગત આ પ્રમાણે છે :

તા. ૧૦-૩-૨૦૨૨ રાત્રે ૮.૦૦ કલાકે
**"પ્રશમ-સંપ્રતિ"ના હુલામણા નામે જાણીતા શ્રી પ્રશમભાઇ તથા સંપ્રતિભાઇ**

તા. ૧૧-૩-૨૦૨૨ રાત્રે ૮-૦૦ કલાકે
**ડૉ. મોનીકાબેન શાહ**

તા. ૧૨-૩-૨૦૨૨ રાત્રે ૮.૦૦ કલાકે
**ગુંદેચા બ્રધર્સ**

તા. ૧૩-૩-૨૦૨૨ રાત્રે ૮.૦૦ કલાકે
**શ્રી અમિત ઠક્કર તથા સુશ્રી દીપ્તિ દેસાઇ**

## ખાસ વિનંતિ

મહા વદી ૧૧ના દિવસે જિનાલયની સાલગીરી તથા ધ્વજારોહણ થનાર છે.
તે દિવસને અનુલક્ષીને શ્રીશાન્તિસ્નાત્ર સહિત ત્રણ દિવસીય મહોત્સવ પણ યોજેલ છે.
તે અવસરે પ.પૂ. આચાર્ય શ્રીવિજયઇન્દ્રસેનસૂરીશ્વરજી મ. આદિ ઠાણાં પધારશે.
સકલ સંઘને લાભ લેવા વિનંતિ છે.



રવિવાર તા. ૨૦-૩-૨૦૨૨ના રોજ
**શ્રી કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય નવમ જન્મ શતાબ્દી સ્મૃતિ સંસ્કાર**
શિક્ષણ નિધિ ટ્રસ્ટ તરફથી હેમચંદ્રાચાર્ય ચંદ્રક **ડો. વિજયભાઇ પંડ્યા**ને અર્પણ કરવામાં આવશે.
આ સમારંભ હઠીભાઈની વાડીમાં જ યોજાશે.